# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-07-2026 Day: Wednsday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છના ડેમોમાં જળસંકટ ઘેરાયું

**કચ્છ જિલ્લામાં જૂન બાદ જુલાઈના પ્રથમ પખવાડિયામાં પણ વરસાદ ન પડતાં જળસંકટ ઘેરાયું છે. જિલ્લામાં હજુ સુધી માંડ બે ટકા વરસાદ નોંધાયો છે. વરસાદ ખેંચાવાના કારણે મધ્યમ સિંચાઈના ૫ અને નાની સિંચાઈના ૧૨૦ મળી કુલ ૧૨૫ ડેમો સંપૂર્ણ ખાલી થઈ ગયા છે.**

**સિંચાઈ વિભાગના સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં જળસંગ્રહની સૌથી નબળી સ્થિતિ કચ્છમાં છે. મધ્યમ સિંચાઈના ડેમોમાં માત્ર ૨૪ ટકા જળજથ્થો છે, જે ગત વર્ષ કરતાં ૩૨ ટકા ઓછો છે. જ્યારે નાની સિંચાઈના ડેમોમાં માત્ર ૧૧ ટકા જ જીવંત જથ્થો બચ્યો છે. વરસાદના આ લાંબા વિલંબના કારણે ખરીફ પાકની વાવણી અટકી પડી છે. જો જુલાઈના અંત સુધી સાર્વત્રિક મેઘમહેર નહીં થાય, તો આગામી શિયાળુ પાક માટે પણ સિંચાઈની મોટી સમસ્યા સર્જાશે..**

**-------------------------------------------------------------------------------------**

## આઇએએસ કોચિંગ પ્રવેશ પરીક્ષા

**કચ્છ સહિત રાજ્યના યુવાનો માટે સનદી અધિકારી બનવાનું સ્વપ્ન સાકાર કરવાની ઉત્તમ તક આવી છે. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત દ્વારા રાજ્યના ૧૦ કેન્દ્રો પર નિઃશુલ્ક IAS કોચિંગ પ્રવેશ પરીક્ષા ૨૦૨૬ ની જાહેરાત કરાઈ છે. રસ ધરાવતા ઉમેદવારો ૨૭ જુલાઈ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.**

**આ પ્રોજેક્ટ હેઠળ ભુજની ૫૦ બેઠકો સહિત રાજ્યભરમાં કુલ ૧,૦૦૦ બેઠકો પર તાલીમ આપવામાં આવશે. કચ્છ યુનિવર્સિટી ખાતે કાર્યરત સ્વામી વિવેકાનંદ IAS સેન્ટર વિદ્યાર્થીઓને**

ડિજિટલ લાઈબ્રેરી, વાઈ-ફાઈ અને નિષ્ણાતોનું માર્ગદર્શન પૂરું પાડે છે. મેરિટ અને સરકારી નિયમો મુજબ અનામત બેઠકોની ફાળવણી થશે. ઉમેદવારો અરજી વખતે મહત્તમ ૩ સેન્ટરની પસંદગી કરી શકશે.

------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વરસાદ

રાજ્યભરમાં બેથી ત્રણ દિવસના વિરામ બાદ આજે કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદના અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ, બપોરે 12 વાગ્યા સુધીમાં 32 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો. સૌથી વધુ એક ઇંચ જેટલો વરસાદ સુરતના માંડવી અને કામરેજ તથા તાપીના ઉકાઈ તાલુકામાં થયો. આ સાથે અત્યાર સુધી રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 25 ટકા વરસાદ નોંધાતા રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 65 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 11 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.

તાપીમાં આજે વાલોડ, બાજીપુરા તેમજ વ્યારા શહેરમાં વરસાદી ઝાપટાં થતાં લોકોએ રાહત અનુભવી. દરમિયાન કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, સુરત, નવસારી તથા દાદરા અને નગરહવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. તો, માછીમારોને 17 અને 18 તારીખે દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

રાજ્યમાં ચાલુ વર્ષે વરસાદની નોંધપાત્ર ઘટ જોવા મળી રહી છે. સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન સરેરાશ ૨૨૬.૧ મીમી વરસાદ થવો જોઈએ, જેની સામે અત્યાર સુધી માત્ર ૧૬૨.૮ મીમી વરસાદ જ નોંધાયો છે. આમ, રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ૨૮ ટકા જેટલો ઓછો વરસાદ નોંધાયો છે.

------------------------------------------------------------------------------------

# ભડલીમાં ગરીબનાથ દાદાનો મેળો

નખત્રાણા તાલુકાના ભડલી ગામે આવેલા ગરીબનાથજી દાદાના મંદિરે પરંપરાગત દ્વિ-દિવસીય પાટોત્સવ યોજાયો હતો. આ મહોત્સવમાં આગામી ચોમાસાના વરતારા માટે પતરી લેવામાં આવી હતી, જેના આધારે જાણકારોએ જણાવ્યું કે વર્તમાન ચોમાસું થોડું મોડું થશે પણ વરસાદ સારો થશે.

મહંત યોગી ગણેશનાથજીના સાનિધ્યમાં યોજાયેલા આ ઉત્સવમાં પ્રથમ દિવસે મહાઆરતી અને રામામંડળનું આખ્યાન યોજાયું હતું. બીજા દિવસે હોમહવન અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. આ ધાર્મિક મહોત્સવમાં ભડલી, થરાવડા, નથરકુઈ સહિત સાત ગામોના ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

--------------------------------------------------------------------------------------

# દિવ્યાંગ બાળકોનું સન્માન

ભુજમાં 'નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ' સંસ્થા દ્વારા દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક કિટ વિતરણ અને સન્માન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨૦૨૫માં પ્રથમ નંબર મેળવનારા પ્રજ્ઞાચક્ષુઓને રોકડ પુરસ્કાર, સન્માનપત્ર તથા ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશિપના ચેક એનાયત કરાયા હતા.

કાર્યક્રમમાં ૧૯ વર્ષથી સેવા આપતા શિક્ષક હેતલબેન ભટ્ટ અને શ્રમદાન કરનારાઓનું સન્માન કરાયું હતું. સંસ્થાના પ્રમુખ અભય શાહ અને અતિથિ વિશેષ મહેશદાન ગઢવી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાને દાતાઓ તરફથી ઉદાર હાથે આર્થિક સહયોગ પણ પ્રાપ્ત થયો હતો.

--------------------------------------------------------------------------------------

# સેક્શન ઓફિસર વર્ગ2ની સંખ્યામાં વધારો

રાજ્ય સરકારે વહીવટી કામગીરીને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા સચિવાલય સંવર્ગમાં સેક્શન ઑફિસર-વર્ગ-2ની સંખ્યામાં વધારો કર્યો છે. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ

સેક્શન ઑફિસરના મંજૂર પદો 606થી વધારીને 634 કરવામાં આવ્યા છે. આ નિર્ણય અનુસાર નવી કેડર રચનામાં મુખ્યમંત્રી કાર્યાલય સહિત રાજ્યના 26 વિભાગો અને 19 કચેરીઓમાં વધારાનું કાર્યબળ મળશે. જેનાથી સરકારી ફાઇલોના નિકાલની ગતિ વધશે, નીતિગત નિર્ણયોનું અમલીકરણ ઝડપી બનશે અને સામાન્ય નાગરિકોના કામો ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે

------------------------------------------------------------------------------------------